RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૫૨ તા.૩–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી વિજય એન.શેણમારે
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય એન.શેણમારેની તા. ૦૪–૧૦ –૧૧ની અરજીથી તા.૨૨–૯–૧૧ ના કમિશ્નરશ્રી ના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૨૧૨૭ મુજબ વરાછાઝોન વી.બી.ડી.સી.ના કામ માટે ૪૦ રોજીંદા બેલદારોને નોકરીમાં લીધા છે તેમના નામ–સરનામાની યાદી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૨/૨૦૧૧–૧૨

શ્રી વિજય એન.શેણમારેની તા. ૦૪–૧૦ –૧૧ની અરજીથી તા.૨૨–૯–૧૧ના કમિશ્નરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી /૨૧૨૭ મુજબ વરાછાઝોન વી.બી.ડી.સી.ના કામ માટે ૪૦ રોજીંદા બેલદારોને નોકરીમાં લીધા છે તેમના નામ–સરનામાની યાદી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા સાથે માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ / ૧૨૭૧ તા.૧૭–૧૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૫૫૨ તા.૯–૧–૧૨ થી અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/૧૨૨૨ તા.૫–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર (વરાછાઝોન)ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/૫૫૨ તા.૯–૧૧–૧૧ થી આપેલ પ્રત્યુત્તરની નકલ તથા પત્રક, અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માંગેલ માહિતીની અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૨૨૨ તા.૫–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને તબદીલ કરેલ . જે બાબતે અરજદારને નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૩–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારે અરજીમાં તા.૨૨–૯–૧૧ના કમિશ્નરશ્રીના કચેરી હુકમ નં.જીએડી/ઈએસટી/૨૧૨૭ મુજબ વરાછાઝોન વી.બી.ડી.સી.ના કામ માટે ૪૦ રોજીંદા બેલદારોને નોકરીમાં લીધા છે તેમના નામ–સરનામાની યાદી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/૫૫૨ તા.૯–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પત્રકમાં સામેલ છે. તેવું સમય અવધિબાદ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૪–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારને માહિતી નહીં મળી હોવાની રજુઆતને અનુલક્ષી તેની નકલ પુનઃ અરજદારને મોકલી અત્રે જાણ કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછા ઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિજય એન.શેણમારે,